શોટ શર્કિટને લઈ ને લાગી આગ

પ્રાંતિજ ખાતે રહેણાંક વિસ્તારના મકાનમાં આગ લાગતા દોડ ધામ મચી

આજુબાજુમા રહેતા લોકો સહિત ફાયર ટીમ દોડી આવી આગ હોલવી : મોટી જાન હાની ટળી

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ નાનીભાગોળ વિસ્તાર મા આવેલ એક મકાન મા સવાર ના સમયે શોટ શર્કિટ ને લઈ ને આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી તો આજુબાજુમાંથી દોડી આવેલ લોકો તથા પ્રાંતિજ ફાયર ટીમ દ્વારા આગ હોલવવામા આવી હતી. પ્રાંતિજ નાનીભાગોળ વિસ્તાર મા આવેલ કુંભારવાસ ખાતે રહેતા ભાવેશ ભાઈ ના ઘરે સવાર ના ૭ વાગ્યા ના સમયે તેમના ઘર મા રહેલ સીડી ના ભાગે શોટ શર્કિટ ને લઈ ને આગ લાગી હતી તો આગ ને લઈ ને દોડ ધામ મચી જવા પામી હતી તો આજુબાજુ ના લોકો ને ખબર પડતા દોડી આવ્યા હતા અને આગ હોલવવા લાગી ગયા હતા તો પ્રાંતિજ ફાયર ટીમ ને જાણ કરતા પ્રાંતિજ ફાયર ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી આગ ઉપર પાણી નો મારો ચાલુ કરી આગ હોલવી હતી તો સીડી નો દરવાજો સહિત સીડી પાસે રહેલ માલ સામાન આગમા સ્વાહા થઈ ગયો હતો તો પરિવાર નો આબાદ બચાવ થયો હતો તો આગ શોર્ટ સર્કિટ ને લાગી હોવાનુ પ્રાથમિક તપાસ મા સૂત્રો દ્વારા જાણવા મલ્યુ હતુ.

વડાગામ પી.એચ.સી સેન્ટર વિસ્તારમાં ૧૫ થી ૧૮ વય જૂથના કિશોરોનું ૧૦૦ ટકા રસીકરણ

વડાગામ પી.એચ.સી વિસ્તારમાં ૧૬૨૩ કિશોરો નું રસીકરણ

ધનસુરા,તા. ૨

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા માં ૧૫ થી ૧૮ વય જૂથના કિશોરો નું ૧૦૦ ટકા રસીકરણ કરવામાં આવ્યું છે કોરોના સામે રક્ષણ મેળવવા માટે ૩ જાન્યુઆરી થી શરૂ કરવામાં આવેલ ૧૫ થી ૧૮ વર્ષ ના કિશોરો ના રસીકરણ માટે વિવિધ જગ્યાએ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તાલુકામાં ૭૨૧૭ જેટલા કિશોરો ને રસી નો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો.વડાગામ પી.એચ.સી વિસ્તાર માં ૧૬૨૩ કિશોરો નું રસીકરણ તાલુકામાં કિશોરો નું ૧૦૦ ટકા રસીકરણ કરવામાં આવ્યું હતું વડાગામ પી.એચ.સી મેડિકલ ઓફિસર જીજ્ઞેશભાઈ અને સ્ટાફ દ્વારા સુંદર કામગીરી કરાઈ હતી.જેમાં કિશોરો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જન્મદિને વધામણી

કમલેશ વી.પટેલ
બિલ્ડર
ધનસુરા

જય ચૌધરી
ધનસુરા

અર્પિત ચૌધરી
ભાટિયા મોબાઇલ શોપ
બાયડ જીલ્લો અરવલ્લી

ડો.હિરેનકુમાર
એન.પટેલ
નરોડા, અમદાવાદ

ધીરજ ભાઈ સોની
વ્રજ ગાર્ડન સોસાયટી
બાયડ

ભર બપોરે તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરી ૯૦,૦૦૦ ની ચોરી

પ્રાંતિજના મોયદ રૂપાજી ખાતે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યુ : પાછળનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશ કરી તિજોરી તાળા તોડી સોનાની વીંટી, સોનાનો દોરો સહિત કુલ-૯૦,૦૦૦ની ચોરી : મકાન માલિક દ્વારા અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ કરી : પ્રાંતિજ પોલીસે અજાણ્યાતસ્કરો વિરૂધ્ધ આઇપીસી કલમ-૪૫૪, ૩૮૦ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મોયદ રૂપાજી ખાતે ભર બપોરે બંધ મકાન ને તસ્કરોએ નિશાન બનાવી ઘર મા પ્રવેશ કરી તિજોરી ના તાળા તોડી સોના નો દોરો સોનાની વીંટી સહિત કુલ-૯૦,૦૦૦ ચોરી કરી અજાણ્યા તસ્કરો જતા રહેતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મકાન માલિક દ્વારા અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી

પ્રાંતિજ ના મોયદ રૂપાજી ખાતે રહેતા પ્રિતેશ કુમાર મહેન્દ્રભાઈ પટેલ ના બંધ મકાન મા બપોર ના સમયે અજાણ્યા તસ્કરો દ્વારા મકાન નો પાછળ નો દરવાજો તોડી અંદર પ્રવેશ કરી પાછળ ના રૂમમા રહેલ લોખંડ ની તિજોરી તોડી તિજોરી મા રહેલ સરસામાન વેરવિખેર કરી તિજોરી મા રહેલ સોનાનો દોઢ તોલા નો દોરો જેની કિંમત-૭૦,૦૦૦ તથા સોનાની વીંટી ૫ ગ્રામ જેની કિંમત-૨૦,૦૦૦ મળી કુલ-૯૦,૦૦૦ મત્તા ની ચોરી કરી અજાણ્યા તસ્કરો લઈ જતા આ અંગે ની પોલીસ ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મોયદ રૂપાજી ખાતે રહેતા મકાન માલિક પ્રિતેશ કુમાર મહેન્દ્રભાઈ પટેલ દ્વારા અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ફરિયાદ નોધાવતા પ્રાંતિજ પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ આઇપીસીકલમ-૪૫૪,૩૮૦ મુજબ ગુનોનોધી આગળ ની તપાસ હાથ ધરી છે

ભિલોડા તાલુકા આદર્શ પ્રા.શાળા નં. ૧ માં સામૂહિક સૂર્ય નમસ્કારનો કાર્યક્રમ યોજાયો



ભિલોડા,તા.૦૨

આઝાદીની ૭૫મી વર્ષગાંઠ પર " આઝાદી કા અમૃત મહોત્સવ " ની ઉજવણીના ભાગરૂપે ભારત વિકાસ પરિષદ દ્વારા ભિલોડા તાલુકા આદર્શ પ્રાથમિક શાળા નંબર.૧ માં સામૂહિક સૂર્યનમસ્કાર કરવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. ભારત વિકાસ પરિષદ શાખા, ભિલોડા,પ્રમુખ રામઅવતારજી શર્મા, મંત્રી મહિપતસિંહ રાઠોડ, ફાઉન્ડર મુકેશભાઈ પંચાલ, વિભાગીય સહમંત્રી જગદીશભાઈ પટેલ, મહિલા પતંજલિ યોગ સમિતિના પ્રભારી ઉર્વશીબેન બરંડા, પ્રજાપિતા બ્રહ્માકુમારી સંસ્થામાંથી નીશાદિદિ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગ કોચ પંકજ શર્મા,વસંત પટેલ,અનિલ પંચાલ, અવની નિનામા સહિત ભારત વિકાસ પરિષદ,ભિલોડા શાખાના સભ્યોએ સૂર્યનમસ્કાર કર્યા હતા.

પ્રાંતિજ ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે શાન્તી સમિતિ ની મિટીંગ યોજાઈ હતી જેમા પ્રાંતિજ સહિત તાલુકામા શાન્તી બની રહેતે માટે પ્રાંતિજ પીઆઈ દ્વારા વિવિધ સમાજ ના અગ્રણીઓ વેપારીઓ સાથે ચર્ચાઓ કરી હતી. તાજેતર માંજ ધંધુકા ખાતે કિશન ભરવાડ ની હત્યા ને લઈ ને વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા આ ઘટના ને લઈ ને રોષ વ્યક્ત કરી ને ન્યાય માટે આવેદન પત્રો આપી આરોપીઓને કડકમાકડક સજા થાય તે માટે રેલીઓ યોજવામા આવી રહી છે ત્યારે પ્રાંતિજ સહિત તાલુકા મા પણ શાન્તી અને સલામતી જળવાઈ રહે તે માટે પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીઆઈ એચ.એસ.ત્રિવેદી દ્વારા શાન્તી સમિતી ની મીટીંગનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, પૂર્વ પ્રમુખ નિરવભાઈ પરીખ , નટુભાઈ બારોટ , સઈદ ભાણાવાલા , અમરીશ ભાઈ પટેલ , નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ સહિત હિન્દુ મુસ્લિમ સમાજ ના આગેવાનો સહિત વિવિધ સમાજ ના લોકો વેપારીઓ વિવિધ સંસ્થાના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તો પ્રાંતિજ પીઆઈ એચ.એસ.ત્રિવેદી દ્વારા પ્રાંતિજ તથા તાલુકા ના લોકો ને કોઈ પણ સમાજ ની લાગણી ના દુભાય તેવી પોસ્ટ સોશિયલ મીડિયા મા પોસ્ટ ના મુકવા લોકો ને અપીલ કરી હતી અને એવી પોસ્ટ મૂકનાર સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામા આવશે અને ચુસ્ત પણે કાયદા નુ પાલન કરવા નગર તથા તાલુકા ના લોકોને આગ્રહ કર્યો હતો

નાયક સમાજનું ગૌરવ

સરડોઈ,તા.૨

તલોદ તાલુકાના નાના ચેખલા ના વતની અને ગાંધીનગરમાં તબીબી સેવા આપતા ડો.વિજય મણીલાલ નાયક અને પીનાબેન નાયક (પ્રા.શિક્ષક, કલોલ)ની પુત્રી ફોરમ નાયકે એમ.બી.બી. એસ પ્રથમ વર્ષમાં બનાસ મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવી સમાજનું ગૌરવ વધારતાં નાયક સમાજમાં ખુશી છવાઈ છે સમાજની તેજસ્વી દીકરીનું તબીબ બનવાનું સ્વપ્ન સાકાર થતાં ડો. અતુલ ભાઈ નાયક, ડો.જગદીશ ભાઈ નાયક, ડો. અશ્વિન ભાઈ નાયક અને ડો.સોહમ નાયક સહિત સમાજના અગ્રણીઓ એ અભિનંદન પાઠવ્યા છે.

ધો.૧ થી ૯ની શાળાઓ ખોલવા નિર્ણય એક સપ્તાહ પાછો ઠેલાયો સાબરકાંઠામાં કોરોનાના નવા ૮૪ કેસ નોંધાયા....

હિંમતનગર અને ઈડરનો ગ્રામ્ય વિસ્તાર કોરોના હોટસ્પોટ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૨

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટ્યું હોવા છતાં ધો.૧ થી ૯ ની શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ શરુ કરવાનો નિર્ણય એક સપ્તાહ પાછો ઠેલાયો છે. સાબરકાંઠામાં મંગળવારે કોરોના પોઝિટિવ નવા ૮૪ કેસ નોંધાયા છે. શહેરી વિસ્તારમાં કોરોનાની સ્થિતિ કાબુમાં આવી રહી છે પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં હિંમતનગર અને ઈડર કોરોના હોટ સ્પોટ બની રહ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેર ધીમી પડ્યાનું આરોગ્ય વિભાગે ગણિત માંડ્યું છે. સરકારી દફતરે રાજ્યમાં ઓછા કેસ છતાં મૃત્યુ દર ચિંતાજનક છે. સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના કેસમાં સતત સદી પછી માંડ સંક્રમણ કાબુમાં આવી રહ્યું છે. મંગળવારે વધુ નવા ૮૪ પોઝિટિવ કેસ નોંધાયા આ સાથે જિલ્લામાં ૫૧૨ એક્ટિવ કેસ નોંધાયા છે. આરોગ્ય વિભાગનું માનીએ તો હિંમતનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ ૧૨૮, ઈડર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૧ પોઝિટિવ કેસ નોંધાયેલા છે. જ્યારે ખેડબ્રહ્મા શહેરમાં ૪૩ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩૨ પોઝિટિવ કેસ અત્યાર સુધીમાં નોંધાયેલા છે. જિલ્લાના તમામ ૮ તાલુકામાં કોરોનાની ત્રીજી લહેરનો પગપેસારો થયો છે.

મહુડી ખાતે શ્રીમદ્ ભાગવત કથામૃત મહોત્સવ યોજાયો

વૈષ્ણવ સમાજ ના લોકોએ શ્રીમદ્ ભાગવત કથાનો લાભ લીધો : શ્રી કોટયર્ક મંદિર ખાતે સાત દિવસ કથા યોજાઇ: શ્રી સુમિતકુમારજી શર્મા વક્તા દ્વારા કથા જ્ઞાન પિરસ્યુ : સાત દિવસ દરમ્યાન વિવિધ મહોત્સવ યોજાયા

પ્રાંતિજ તા.૨

ગાંધીનગર જિલ્લા ના મહુડી ખાતે આવેલ શ્રી કોટયર્ક મંદિર ખાતે સાત દિવસીય શ્રીમદ્ ભાગવત કથામૃત મહોત્સવ યોજાયો જેમા વક્તા તરીકે સુમિતકુમારજી શર્મા દ્વારા ભાગવત કથા નુ જ્ઞાન આપ્યુ હતુ તો ગોવર્ધન પ્રભુ ની પુજા સહિત અન્નકુટ તથા આરતી પુજા કરવામા આવી હતી.

ગાંધીનગર જિલ્લાના મહુડી ખાતે અમદાવાદ નિવાસી સંજય ભુપેન્દ્રભાઈ દેસાઈ તથા સમસ્ત પરિવાર મહુડી ખાતે મનોરથીનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા મહુડી આવેલ શ્રી કોટયર્ક મંદિર ખાતે વક્તા શ્રી સુમિતકુમારજી શર્મા દ્વારા શ્રીમદ્ ભાગવત કથામૃત મહોત્સવ જ્ઞાન પીરસ્યુ હતુ જેમા સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવત કથામૃત મહોત્સવ દરમ્યાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા જેમા તુલસી વિવાહ , કૃષ્ણ જન્મ , ગોવર્ધન ઉત્સવ સહિત ના કાર્યક્રમો યોજાયા હતા તો વૈષ્ણવ સમાજ ના ભાઈ-બહેનોએ શ્રીમદ્ ભાગવત કથામૃત મહોત્સવ નો લાભ લીઇ ધન્યતા અનુભવી હતી.

જિલ્લા ખેતીવાડી અધિકારીએ ધનસુરા તાલુકાનાની મુલાકાત લઈ ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું

ધનસુરા, તા. ૨

જિલ્લા ખેતીવાડી અધિકારી જે.આર.પટેલે ધનસુરા તાલુકાના વિવિધ જગ્યાએ મુલાકાત લઈ ખેડૂતો ને માર્ગદર્શન આપ્યું હતું ખેડૂતો ને સોલાર લાઇટ ટ્રેપ અને ઘઉ, ચણા, દિવેલા, રાયડો જેવા પાકોનું મુલાકાત લઈ ખેડૂતો ને માર્ગદર્શન આપ્યું હતું જેમાં વિસ્તરણ અધિકારી કમલેશભાઈ, નિવૃત્ત વિસ્તરણ અધિકારી અશોકભાઈ પટેલ તથા વિસ્તાર ના ગ્રામ સેવકો આશાબેન, કમલેશભાઈ, ઉત્કર્ષભાઈ અને ખેડૂતો પુનમભાઈ પટેલ, અર્પિતભાઈ પટેલ સહિત વિવિધ ખેડૂતો ને માર્ગદર્શન આપ્યું હતું.

ભિલોડાના યુ.જી.વી.સી.એલ સબ સ્ટેશનમાંથી એલ્યુમિનિયમ વાયરની અજાણ્યા તસ્કરો ચોરી કરીને પલાયન : કિં.રૂ. ૧.૭ લાખની માલમત્તા ચોરાઈ

ભિલોડા, તા.૦૨

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં દિન પ્રતિ દિન ચોરીઓનો ઉપદ્રવ વધતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.અજાણ્યા તસ્કરોની ટોળકીઓ સક્રિય રહેતા ઘરફોડ ચોરી અને બાઈક ચોરીઓનો સીલસીલો શરૂ રહેતા પોલીસ પેટ્રોલિંગ વધારવાની તાતી જરૂરિયાત છે. ભિલોડાના યુ.જી.વી.સી.એલના ભિલોડા સબ સ્ટેશનમાંથી નીકળતી ૧૧ કે.વી. વાંકાનેર જયોતિગ્રામ ફિડરની લાઈનના એલ્યુમિનિયમ વાયરની અજાણ્યા તસ્કરો ચોરી કરીને પલાયન થઈ ગયા છે. કિં.રૂ. ૧,૦૭,૯૪૩ =૦૦ ની માલમત્તાની ચોરી સંદર્ભે પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.વાંકાનેર જયોતિગ્રામ ફિડરની ભિલોડા કંપામાં વોટર વર્કસ ટ્રાન્સફોર્મરની નારસોલી પ્રાથમિક શાળા સુધીની લાઈનના ૫ ગાળાનું એક વાયર,૨ ગાળાના બે વાયર તેમજ અંદાજીત ૩૪૫૦ મીટર એલ્યુમિનિયમ વાયરની અજાણ્યા તસ્કરો ચોરી કરીને પલાયન થઈ ગયા હતા.ચોરીના બનાવ સંદર્ભે યુ.જી.વી.સી.એલના નાયબ ઈજનેર રમેશભાઈ પુંજાભાઈ અસારીએ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે તસ્કરો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન છે.